# સૌ રા ષ્ટ્ર યુ નિ વ ર્સિ ટી

Accredited Grade A by NAAC

ચૂંટણી સંદર્ભિત

**સમય મર્યાદા :**

પરિપત્ર ::

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓને, માન્ય સંસ્થાઓના વડાઓને તથા યુનિવર્સિટીના સર્વે ભવનના વડાઓને સવિનય જણાવવાનું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫ ની કલમ '૨૬' અન્વયે અધિકાર મંડળોની નવરચનાના ભાગરૂપે તા.૨૩–૫–૨૦૧૮ થી અમલમાં આવનાર અભ્યાસ સમિતિઓની નવરચના માટે આ સાથેના નમુનાનું અભ્યાસ સમિતિના સભ્ય તરીકે નોંધણી માટેનું **'આવેદન પત્ર'** સામેલ રાખી આપને મોકલવામાં આવે છે. જેમાં જરૂરી વિગતો અને લાયકાત આપેલ છે. આપની કોલેજને ડીગ્રી (પદવી) કક્ષાએ માન. રાજય સરકારશ્રી તરફથી જોડાણ મળેલ હોય અને આપની કોલેજના જે તે મુખ્ય વિષય (ડીગ્રી કક્ષા)ના વિભાગાઘ્યક્ષ હોય અને યુનિવર્સિટીના શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા હોવા ઉપરાંત ૦.૧૯૨ (એ) મુજબ જે તે વિભાગના સિનિયર મોસ્ટ શિક્ષક હોય તથા સંબંધિત વિદ્યાશાખાને લગતા ઓર્ડિનન્સ–૨૦૫ મુજબ પ્રાઘ્યાપક(પ્રોફેસર)ની લાયકાત ધરાવતા હોય , તેમની વિગતો સામેલ આવેદનપત્રમાં **તા.૨૪–૧૦–૨૦૧૭** સુધીમાં અત્રે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી છે. વધારે આવેદનપત્રની જરૂરીયાત હોય તો તેની ફોટોસ્ટેટ નકલ કરાવી ઉપયોગમાં લેવા વિનંતી છે. ઓર્ડિનન્સ – ૨૦૫માં પ્રોફેસર તરીકેની લાયકાત દર્શાવેલ ન હોય પરંતુ તે કાયદાથી સ્થપાયેલ સ્ટેચ્યુટરી ઓથોરિટી જેવી કે MCI,DCI,INC,CCH,AICTE અથવા કાઉન્સિલ ઓફ આર્કિટેકચર, NCTE વિગેરે જેવા સત્તા મંડળે 'પ્રાઘ્યાપક'ની લાયકાતના ધોરણો નિયત કરેલ હોય તેવા કિસ્સામાં જે તે સ્ટેચ્યુટરી ઓથોરીટીના ધોરણો મુજબની પ્રોફેસરની લાયકાત માન્ય ગણી શકાશે.

આપની કોલેજના શિક્ષકો પૈકી જો કોઈ શિક્ષક પ્રવર્તમાન તા.૨૨–૫–૨૦૧૮ સુધીની અભ્યાસ સમિતિનુ સભ્યપદ ધરાવતાં હોય પરંતુ તા.૨૨–૫–૨૦૧૮ સુધીમાં '૬૨' વર્ષની ઉમર પૂરી કરનાર હોય અથવા અન્યત્ર બદલી પામેલ હોય, સ્વૈચ્છિક નિવૃતિ લીધેલ હોય અથવા આપની કોલેજના જે તે વિષયનું વિભાગઘ્યક્ષપદ ધરાવતાં ન હોય તો તેની માહિતી પણ ચૂંટણી કાર્યની ગંભીરતા ઘ્યાને લઈને નિયત સમયમાં અત્રે પાઠવવા વિનંતી છે. કોલેજે નિયત સમય મર્યાદામાં માહિતી યુનિવર્સિટીને મોકલ્યા બાદ પણ સભ્યપદ નોંધણીને અસર કરે તેવો પ્રસંગ (જેમ કે બદલી, સ્વૈચ્છીક નિવૃત્તિ વિગેરે) બને તો તેની જાણ પણ તુરત જ યુનિવર્સિટીને કરવા વિનંતી. કોલેજ તરફથી વિભાગાઘ્યક્ષ તરીકે જે અઘ્યાપકનું આવેદનપત્ર અત્રે પાઠવવામાં તેઓ તા.૨૨–૫–૨૦૧૮ પછી પણ જે તે હોદા પર ફરજ બજાવતા હોય તે અનિવાર્ય છે.

વધુમાં આવેદનપત્રની સાથે આપની કોલેજને રાજય સરકારશ્રી તરફથી મળેલ ડીગ્રી કક્ષાના જે તે સંબંધિત વિષયોના જોડાણ જાહેરનામાની નકલ, આ યુનિવર્સિટી તરફથી શિક્ષક તરીકેની માન્યતા મેળવ્યા અંગેના પત્રની નકલ મોકલવી તથા અન્ય વિગતો આવેદનપત્રોમાં સંપૂર્ણ માહિતી દર્શાવી આચાર્યશ્રીના સહી–સિકકા અને ભલામણપત્ર સાથે **તા.૨૪–૧૦–૨૦૧૭** સુધીમાં અત્રે મોકલી આપવા વિનંતી છે. સંલગ્ન કોલેજ/માન્ય સંસ્થા/યુનિવર્સિટી ભવન તરફથી માહિતી ન મળવાના કારણે/અસ્પષ્ટ/સંદિગ્ધ અથવા અપુર્ણ માહિતીને કારણે સભ્યપદ નોંધણી અંગે જે કોઈ પરિસ્થિતિ ઉદભવે તે અંગેની જવાબદારી સંબંધિત કોલેજ/માન્યસંસ્થા/ભવનની રહેશે. જેની સંબંધિત સર્વેએ નોંધ લેવા વિંનતી છે. હોદાગત સભ્યપદ માટેના આવેદનપત્રની એક નકલ કે જેમાં હોદાગત સભ્યપદે નોંધણી માટેની શરતો દર્શાવેલ છે તે **ખાસ** ઘ્યાને લેવા વિનંતી.

**બિડાણ** :: આવેદનપત્ર

કુલસચિવ

નં. એકે/ BS/ચૂંટણી / ૨૦૩૨/૨૦૧૭
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ ,
યુનિવર્સિટી રોડ,
**રાજકોટ–૫**
તા. ૨૦– ૧૦ –૨૦૧૭

**પ્રતિ,**

૧. યુનિવર્સિટીના સર્વે ભવનના વડાઓ ....
૨. યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ....
૩. સર્વે માન્ય સંસ્થાના વડાઓ ...

**::નકલ રવાના ::**

૧. કુલપતિશ્રી / કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી
૨. સામાન્ય વિભાગ
૩. જોડાણ વિભાગ
૪. પરીક્ષા વિભાગ
૫. પી.જી. વિભાગ
૬. ડાયરેકટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
(વેબસાઈડ ઉપર પ્રસિઘ્ધ કરવા અર્થે) C.D. સાથે

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited **Grade A** by NAAC

**BS**
એકેડેમિક વિભાગ

.........................વિદ્યાશાખા હેઠળના ..................................... વિષયની અભ્યાસ સમિતિના

**હોદ્દાગત સભ્યપદ માટેનું આવેદનપત્ર**

આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત થયેલ ફોટોગ્રાફ

૧. સભ્યનું પુરૂ નામ (અટક પહેલી) :–

૧ (અ).ફોન મો.નંબર અને ઈમેલ આઈડી :–

૨. જન્મ તારીખ :–

૩. શૈક્ષણિક લાયકાત :–

| પદવીઓ | મેળવેલ વર્ગ | વિષય | વર્ષ | યુનિવર્સિટી | વિષયો |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

૪. હાલનો હોદ્દો — વિષય — કોલેજ — યુનિવર્સિટીની માન્યતા પત્રનંબર / તારીખ

---

૧. પ્રોફેસર
૨. લેકચરર/એસોશીએટ/આસીસ્ટન્ટ પ્રોફેસર

૫. રહેઠાણનું પુરૂ સરનામું :–

૬. શૈક્ષણિક અનુભવ — કુલ વર્ષ — કઈ તારીખથી કઈ તારીખ સુધી — વર્ષ — માસ — દિવસ

ડીગ્રી કક્ષાએ આ વિષયનું અધ્યાપન કાર્ય કેટલા વર્ષથી કરો છો ? અને કયાં ?

૭. આપનાં વિષયના હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ કેટલા સમયથી છો ?

૮. યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૨૦૫ મુજબ પ્રાધ્યાપકની લાયકાત ધરાવો છો ?

૯. યુનિવર્સિટી તરફથી વ્યાખ્યાતા/પ્રાધ્યાપક તરીકેની માન્યતા મેળવ્યાના નંબર તથા તારીખ

૧૦.કોલેજને ડીગ્રી કક્ષાએ આપના વિષયોમાં જોડાણ મળેલ હોય તે પત્ર/નોટિફિકેશનની પ્રમાણિત નકલ સામેલ કરવી.

૧૧.આપની કોલેજમાં ફાઈનલ યરમાં આપનો વિષય શિખવવામાં આવે છે ?

**આથી હું જાહેર કરૂ છુ કે ઉપરોકત માહિતી સત્ય, યથાર્થ અને કોલેજ રેકર્ડ મુજબ સાચી છે.**

**સ્થળ:–**

તારીખઃ–                                                                 આવેદનપત્ર ભરનાર શિક્ષકની સહી

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited **Grade B** by NAAC
**(CGPA 2.93)**

શ્રી /ડો...............................................અમારી કોલેજમાં ........................ વિષયના હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ છે અને તેઓ ઓર્ડિનન્સ–૨૦૫ અનુસાર પ્રાધ્યાપકની લાયકાત ધરાવે છે. તેમજ સુધારેલ ૦.૧૯૨ એ મુજબ તેઓ સિનિયર મોસ્ટ પ્રોફેસર/એસોશીએટ/ આસીસ્ટંન્ટ પ્રોફેસર/લેકચરર છે. તેમની ઉપર્યુકત માહિતી બરાબર છે. આ કોલેજમાં ફાઈનલ (પ્રથમ/દ્વિતીય/તૃતિય)વર્ષમાં .............................. વિષય તરીકે શીખવવામાં આવે છે અને તે વિષયનું ડીગ્રી કક્ષાએ જોડાણ મળેલ છે. જેથી ઉપરોકત અધ્યાપકશ્રીનું નામ ....................... વિષયની અભ્યાસ સમિતિના સભ્યશ્રીઓની યાદીમાં નોંધવા માટે ભલામણ કરૂ છું અધ્યાપકશ્રીએ આપેલ માહિતી કોલેજ રેકર્ડ સાથે ચકાસી છે અને તે સત્ય અને યથાર્થ જણાયેલ છે. અધ્યાપકશ્રીએ મારી રૂબરૂ અને હાજરીમાં સહી કરેલ છે અને તેઓનો ફોટોગ્રાફ કોલેજના સીલ તથા મારા સહી/સિકકાથી મે પ્રમાણિત કરેલ છે.

**કોલેજના આચાર્યશ્રીની સહી અને સિકકો.**

નોંધ :– અભ્યાસ સમિતિના હોદ્દાગત સભ્ય બનવા માટે નીચેની શરતો જરૂરી છે.

૧. જે તે કોલેજમાં તે વિષય ડીગ્રી કક્ષાએ શીખવવામાં આવતો હોય તેમજ તે વિષયના ડીગ્રી કક્ષાએ કોલેજને જોડાણ મળેલ હોવું જોઈએ.

૨. જે તે વ્યકિત જે તે વિષયના વડા હોય અને જે તે વિદ્યાશાખાના ઓર્ડિનન્સ–૨૦૫ મુજબ પ્રાધ્યાપકની લાયકાત ધરાવતી હોવી જોઈએ.

૩. એક જ વ્યકિત એકથી વધુ અભ્યાસ સમિતિના હોદ્દાગત સભ્યપદેથી નોંધી શકાશે નહિં.

૪. જે તે અધ્યાપકશ્રીનું આવેદનપત્ર કોલેજના આચાર્યશ્રીના સહિ સીકકા સહિત તેમજ ભલામણ પત્ર સાથે રજુ કરવા વિનંતિ. અન્યથા આવેદનપત્ર માન્ય ગણાશે નહિ.

૫. ઉપરોકત ઓર્ડિનન્સ–૨૦૫ જોડાણ વિભાગના પરિપત્રાંક જોડાણ/૨/૧૯૭/૨૦૧૨, તા.૩–૪–૨૦૧૨ થી પરિપત્રીત થયેલ છે.